| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૧૧૯૭ |
| અમદાવાદ | ૧૬૩ |
| ગાંધીનગર | ૩૦ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૬૭ ૨૭ ઓગસ્ટ, ૨૦૨૦, ગુરૂવાર; ભાદરવા સુદ - ૯ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# જેઈઈ-નીટની પરીક્ષા મામલે રાજકારણ ગરમાયું

## મોદી સરકાર સામે બાંયો ચઢાવવા બિનભાજપ શાસિત રાજ્યો ભેગા થયા : કોંગ્રેસ શાસિત રાજ્યો સહિત સાત રાજ્યોના મુખ્યપ્રધાનની કોંગ્રેસનાં વચગાળાનાં અધ્યક્ષ સોનિયા ગાંધીની અધ્યક્ષતામાં વીડિયો કોન્ફરન્સ




નવી દિલ્હી, તા.૨૬
કોંગ્રેસ પાર્ટીના વચગાળાનાં અધ્યક્ષ સોનિયા ગાંધીએ કોરોનાની સ્થિતિ વચ્ચે દેશમાં જેઈઇ અને એનઈઈટી પરીક્ષા લેવા માટે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા તેના સાથી રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બુધવારે વાત કરી હતી. આ બેઠકમાં કોંગ્રેસ શાસિત રાજ્યોના તમામ મુખ્યમંત્રીઓએ પણ ભાગ લીધો હતો. આ બેઠકમાં, તમામ પક્ષોએ કોરોના સમયગાળા દરમિયાન રાજ્યો વિરુદ્ધ ભેદભાવ રાખવા અને કટોકટીમાં પરીક્ષા લેવા બદલ કેન્દ્ર સરકાર પર જોરદાર પ્રહાર કર્યા હતા.

આ બેઠકમાં પંજાબના મુખ્યપ્રધાન કેપ્ટન અમરિંદર સિંહ, છત્તીસગઢના મુખ્યપ્રધાન ભુપેશ બધેલ, રાજસ્થાનના મુખ્યપ્રધાન અશોક ગેહલોત, મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરે, પુડુચેરીના મુખ્યપ્રધાન વી નારાયણસામી, ઝારખંડના મુખ્યપ્રધાન હેમંત સોરેન હાજર રહ્યા હતા. વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા મળેલી બેઠકમાં જેઈઇ અને નીટની પરીક્ષાના મુદ્દે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું હતું કે યુ.એસ.ના એક

● અનુસંધાન પાન-૭ પર

## મોઢેરા સૂર્ય મંદિરનો આહલાદક વીડિયો વડાપ્રધાને શૅર કર્યો

### વરસાદનું શાનદાર દૃશ્ય : મોદી : વરસાદના કારણે અનેક સ્થળે પૂરની સ્થિતિ ઊભી થઈ વરસાદના અનેક વીડિયો સોશિયલ મીડિયા ઉપર આવ્યા

નવી દિલ્હી,તા.૨૬
સમગ્ર દેશમાં ચોમાસાના કારણે ભારે વરસાદ વરસી રહ્યો છે. વરસાદના કારણે અનેક સ્થળે પૂરની સ્થિતિ પણ ઊભી થઈ છે. હવે વરસાદ અનેક વીડિયો પણ સોશિયલ મીડિયા પર આવી રહ્યા છે. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ વરસાદનો એક વીડિયો પોતાના ટ્વિટર એકાઉન્ટ પર શૅર કર્યો છે. તેમના તરફથી શૅર કરવામાં આવેલો આ વીડિયો મહેસાણા જિલ્લાના મોઢેરા સૂર્ય મંદિરનો છે. આ વીડિયોની સાથે તેઓએ લખ્યું કે, મોઢેરાનું પ્રતિષ્ઠિત સૂર્ય મંદિર વરસાદના સમયે શાનદાર લાગી રહ્યું છે. પીએમ મોદી તરફથી શૅર કરવામાં આવેલા આ વીડિયોમાં જોઈ શકાય છે કે સદીઓ જૂના મોઢેરા સૂર્ય મંદિરમાં વરસાદના કારણે અનેક જગ્યાએથી પાણી વહીને આવી રહ્યું છે. પાણી ભવ્ય કુંડમાં એકત્રિત થઈ રહ્યું છે. વીડિયોને જોઈ મંદિરની ભવ્યતાનો અનુભવ થાય છે. વરસાદના આ વીડિયોને અત્યાર સુધી ૩૦ લાખથી વધુ વાર જોવામાં આવ્યો છે.



## એક જ વર્ષમાં બેંકો સાથે ૧૮.૫ લાખ કરોડની છેતરપિંડી

### ફ્રોડના ૮૪૫૪૫ કેસ નોંધાયા : આરટીઆઈ કાર્યકર્તા કોલારકરે આરટીઆઈમાં રિઝર્વ બેંકને પૂછ્યું કે ૧ એપ્રિલ ૧૯થી ૩૧ માર્ચ ૨૦ની વચ્ચે ફ્રોડના કેટલા કેસો આવ્યા

નવી દિલ્હી,તા.૨૬
નાણાંકિય વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન શેડ્યૂલ્ડ કૉમર્શિયલ બેન્ક્સ અને સિલેક્ટેડ ફાયનાન્શિયલ ઈન્સ્ટીટ્યૂટ્સ સાથે છેતરપિંડીના આશરે ૮૪,૫૪૫ કેસ સામે આવ્યા છે અને આશરે ૧.૮૫ લાખ કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ. રિઝર્વ બેંકે એક આરટીઆઈના જવાબમાં આ જાણકારી આપી છે. નાગપુરના આરટીઆઈ કાર્યકર્તા અભય કોલારકરે કહ્યું કે, જૂનમાં કેન્દ્રીય બેંક પાસેથી આની જાણકારી માગી હતી અને થોડા દિવસ પહેલા તેમને આનો જવાબ મળી ગયો છે.

કોલારકરે આરટીઆઈમાં રિઝર્વ બેંકને પૂછ્યું હતું કે ૧ એપ્રિલ ૨૦૧૯થી ૩૧ માર્ચ ૨૦૨૦ની વચ્ચે બેંકોમાં ફ્રૉડના કેટલા કેસ સામે આવ્યા અને આમાં બેંકો તથા ફાયનાન્શિયલ ઈન્સ્ટિટ્યૂટ્સને કેટલો ચૂનો લાગ્યો. આરબીઆઈએ જણાવ્યું કે, આ દરમિયાન શેડ્યૂલ્ડ કૉમર્શિયલ બેંક અને ફાયનાન્શિયલ ઈન્સ્ટિટ્યૂટ્સ સાથે ફ્રૉડના આશરે ૮૪,૫૪૫ કેસ સામે આવ્યા અને ૧,૮૫,૭૭૨.૪૨ કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૪૧૧૬૫૮૦ | ૮૨૪૮૫૪ | ૧૬૬૫૧૯૪૦ |
| ભારત | ૩૨૮૬૪૯૪ | ૬૦૨૬૭ | ૨૫૦૬૬૯૫ |
| ગુજરાત | ૯૦૧૩૯ | ૨૯૪૭ | ૭૨૪૦૮ |
| ગાંધીનગર | ૨૨૮૮ | ૧૩૦ | ૧૮૯૧ |

## દેશમાં કોરોનાના કેસ ૩૨ લાખને પાર

### ૨૪ કલાકમાં ૧૦૫૯ લોકોના મોત : ૧%થી પણ ઓછા દર્દી વેન્ટીલેટર પર, સાજા થયેલા દર્દીઓની સંખ્યા એક્ટિવ કેસ કરતા ૩.૪ ગણી થઈ : માસ્ક ન પહેરવાના કારણે કેસ વધી રહ્યા છેઃ આઇસીએમઆર

ન્યુ દિલ્હી,તા.૨૬
દુનિયાભરના તમામ દેશોની સાથે-સાથે ભારતમાં પણ કોરોના વાયરસનો આતંક પૂર ઝડપે વધી રહ્યો છે. દેશમાં કોરોના સંક્રમિતોના કેસ સતત વધી રહ્યા છે. આ સાથે જ કોરોનાથી સ્વસ્થ થનારા લોકોની સંખ્યા પણ ધીમે ધીમે વધી રહી છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે બુધવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને સંક્રમણનો કુલ આંકડો ૩૨ લાખને ઓળંગી ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૬૭૧૫૧ કેસ નોંધાતા કુલ કેસ ૩૨૩૪૪૭૪ થઈ ગયા છે.

જોકે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ સુધરીને ૭૬.૨૯ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૩૧૭૩ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૨૪૬૭૭૫૮ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એકટીવ કેસ કરતા ત્રણ ગણા કરતા પણ વધારે છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૫૯ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે.

## છેલ્લે... છેલ્લે...

- ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી કોમામાં સરી પડ્યા
- ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશનના પૂર્વ ચેરમેન રિલાયન્સમાં પ્રેસિડેન્ટ તરીકે જોડાયા.
- આસામના પૂર્વ મુખ્યમંત્રી તરૂણ ગોગાઈ અને હરિયાણાના કૃષિ મંત્રી જે. પી. દલાલ કોરોનાથી સંક્રમિત
- ભારત કોરોના વેક્સિન મામલે વિશ્વમાં અગ્રેસર છે એમ ડબલ્યુએચઓના ચીફ સાયન્ટીસ્ટ ડૉ. સ્વૉમ્યાએ જણાવ્યું
- કર્ણાટકમાં પહેલી ઓક્ટોબરથી તમામ કૉલેજ શરૂ થશે

## ૭ માસમાં દેશના અર્થતંત્રમાં સુધાર થાય તેવી આશા : મૂડીઝ

### આ વર્ષમાં જીડીપીમાં ૩.૧ ટકાનો ઘટાડો થવાની શક્યતા : ચીન, ભારત જ જી-૨૦ના એવા દેશ હશે જેમનો ૨૦૨૦ના બીજા છ મહિનામાં જીડીપીનો ગ્રોથ સારો હશે

મુંબઈ, તા.૨૬
ભારતીય અર્થતંત્ર આવનારા છ મહિનામાં ફરીવાર પાટે ચઢે તેવી સંભાવનાઓ દર્શાવવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય રેટિંગ એજન્સી મૂડીઝે ભારતનો જીડીપી વધશે તેમ કહ્યું છે.

જોકે, મૂડીઝે અંદાજ વ્યક્ત કર્યો છે કે, વર્ષ ૨૦૨૦ દરમ્યાન ભારતની જીડીપીમાં ૩.૧ ટકાનો ઘટાડો જોવા મળશે.

મૂડીઝે પોતાના ઓગસ્ટના અપડેટેડ ગ્લોબલ મેક્રો આઉટલુક ૨૦૨૦-૨૧માં કહ્યું કે, વિકસીત દેશોના બદલે વિકાસશીલ દેશોમાં આર્થિક વ્યવસ્થા વધુ સ્પર્ધાત્મક છે. અમારું અનુમાન છે કે ચીન, ભારત અને ઈન્ડોનેશિયા જ જી-૨૦ના એવા દેશ હશે જેઓ વર્ષ ૨૦૨૦ના બીજા છ મહિનામાં જીડીપીનો ગ્રોથ સારો હશે અને ૨૦૨૧મા અર્થવ્યવસ્થા કોરોનાથી પહેલાના ગ્રોથને સમકક્ષ થઈ જશે.

મૂડીઝએ આ અનુમાન લગાવ્યું છે કે ૨૦૨૧મા ભારતીય અર્થવ્યવસ્થાનો ગ્રોથ ૬.૯% થી વધશે. જોકે કોરોનાથી પહેલા પણ ભારતીય અર્થવ્યવસ્થાની પરિસ્થિતિ કંઈ સારી હતી નહી. ૨૦૧૯-૨૦ના દરમ્યાન ભારતીય અર્થવ્યવસ્થામા ૪.૨%નો વધારો થયો છે. જે છેલ્લા ૧૧ વર્ષનો સૌથી ઓછો વધારો હતો. છેલ્લા દિવસોમા આરબીઆઇએ પણ સ્વીકાર કર્યો છે કે, નાણાકિય વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન દેશના જીડીપીમા ગ્રોથ નેગેટીવ રહેશે એટલે કે એમા ઘટાડો આવશે. ઈન્ફોસિસના કો-ફાઉન્ડર એન.આર. નારાયણમૂર્તિએ પણ આશંકા વ્યક્ત કરી કે, કોરોનાના કારણે આ વર્ષ ભારતના જીડીપીમા આઝાદી પછી સૌથી મોટો ઘટાડો જોવા મળશે.

## ભારતનો પ્રવાસ ન ખેડવા અમેરિકાના નાગરિકોને ટ્રમ્પ સરકારની સૂચના

### અમેરિકાએ ભારતની યાત્રા માટે રેટિંગ ફોર નિર્ધારિત કર્યું : ટ્રમ્પ સરકારે ભારતને યુદ્ધગ્રસ્ત સિરિયા અને આંતકગ્રસ્ત પાક.ની કેટેગરીમાં મૂક્યું : કોરોના-આતંકનું કારણ ધર્યું

વૉશિંગ્ટન, તા.૨૬
અમેરિકાએ પોતાના નાગરિકોને ભારતની યાત્રા ન કરવાની સલાહ આપી છે. અમેરિકાએ આનુ કારણ ભારતમાં કોરોના સંકટ, અપરાધ અને આતંકવાદ જણાવ્યું છે. એટલુ જ નહીં અમેરિકાએ ભારતની યાત્રા માટે રેટિંગ ફોર નિર્ધારિત કર્યુ છે જેને સૌથી ખરાબ માનવામાં આવે છે. આ શ્રેણીમાં ભારત સિવાય યુદ્ધગ્રસ્ત સિરિયા, આતંકવાદનું કેન્દ્ર પાકિસ્તાન, ઈરાન, ઈરાક અને યમન સામેલ છે.



અમેરિકાએ કહ્યું કે ભારતમાં કોરોના સંકટ છે. આ સિવાય દેશમાં અપરાધ અને આતંકવાદમાં તેજી આવી છે. તેથી અમેરિકી નાગરિક ભારતની યાત્રા ન કરે. અમેરિકાએ પોતાની એડવાઈઝરીના કેટલાક અન્ય કારણોમાં મહિલાઓ વિરૂદ્ધ અપરાધ અને ઉગ્રવાદને પણ કારણ જણાવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

## સંસદ ભવન પાસેથી શંકાસ્પદ કાશ્મીરી યુવકની ધરપકડ

ન્યુ દિલ્હી,તા.૨૬
સંસદ ભવનની નજીકથી બુધવારે એક શંકાસ્પદ શખ્સની ધરપકડ કરવામાં આવી છે. આ શખ્સ પાસેથી એક પત્ર મળી આવ્યો છે. હાલ ઈન્ટેલિજેન્સ બ્યૂરોના અધિકારીઓ તેની પૂછપરછ કરી રહ્યાં છે.

આ અંગે પ્રાપ્ત વિગતો પ્રમાણે, વિજય ચોક વિસ્તારમાંથી શંકાસ્પદ વ્યક્તિની અટકાયક કરવામાં આવી છે. અહીં ફરજ બજાવી રહેલા ઝઈંહ્વના જવાનોએ આ શંકાસ્પદ વ્યક્તિને ઝડપી પાડ્યો હતો. હાલ સંસદ માર્ગ પોલીસ સ્ટેશનમાં તેની પૂછપરછ ચાલી રહી છે.

આ શખ્સ સંસદ ભવનની આસપાસ આંટા મારી રહ્યો હતો. ઝઈંહ્વના જવાનોએ તેની ઝડપીને પૂછપરછ કરી, ત્યારે તે વ્યવસ્થિત જવાબ નહતો

● અનુસંધાન પાન-૭ પર

## GSTની મોડી ચૂકવણી પર વ્યાજ વસૂલાશે

### ૧લી સપ્ટેમ્બરથી વિલંબથી ભરાતા જીએસટીમાં વ્યાજ નેટ ટેક્સ ઉપર ગણાશે

નવી દિલ્હી, તા.૨૬
આર્થિક મંદીમાં મધ્ય અને નાના વેપારીઓની કમર તોડી નાંખે તેવી એક જાહેરાતમાં કેન્દ્ર સરકારે જીએસટી પર ૧લી સપ્ટેમ્બરથી નેટ ટેક્સ ઉપર વ્યાજ વસૂલવાનો નિર્ણય કર્યો છે. અગાઉ ઉદ્યોગ દ્વારા વિલંબથી ભરાતા જીએસટી પરના ૪૬,૦૦૦ કરોડના ન ચૂકવાયેલા વ્યાજ અંગે ચિંતા વ્યક્ત કરાઈ હતી. ગ્રોસ ટેક્સ પર આ વ્યાજ ગણવામાં આવતું હતું. જો કે હવે ૧લી સપ્ટેમ્બરથી વેપારીઓએ વિલંબથી ભરાતા જીએસટી પર નેટ ટેક્સ જવાબદારી પર વ્યાજની ચૂકવણી કરવાની રહેશે.

કેન્દ્ર તેમજ રાજ્યના નાણા મંત્રીઓની જીએસટી કાઉન્સિલે માર્ચમાં ૩૯મી મીટિંગમાં જીએસટી ભરવામાં થતા વિલંબના કિસ્સામાં ૧લી જુલાઈ ૨૦૧૭થી અમલી થાય તે મુજબ નેટ ટેક્સ ઉપર જ વ્યાજ ગણવામાં આવશે અને આ માટે કાયદામાં પણ પાશ્ચાતવર્તી સંશોધન કરાશે તેવો નિર્ણય કર્યો હતો. કેટલાક કિસ્સામાં વેપારીઓ જીએસટી વિલંબથી ભરે છે પરંતુ તેના પર ચડેલું વ્યાજ ચૂકવતા નથી. ગ્રોસ લાયેબિલિટી પર ટેક્સ ભરવો કે નેટ લાયેબિલિટી પર તે અંગે અસમંજસતા રહેલી છે. વિલંબથી ચૂકવવામાં આવતા જીએસટી પર સરકાર ૧૮ ટકા વ્યાજ વસુલે છે.

૨૫ ઓગસ્ટના સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સ (સીબીઆઈસી)એ નેટ ટેક્સ પર વ્યાજ ગણતરી કરવા માટે ૧લી સપ્ટેમ્બર નોટીફાઈ કરી હતી. સીબીઆઈસીએ એક નિવેદનમાં સ્પષ્ટ કરતા જણાવ્યું કે વિલંબથી ચૂકવવામાં આવતા જીએસટી પર વ્યાજ અંગેનું નોટિફિકેશન ટેક્નિકલ મર્યાદાઓને લીધે સંભવિત જાહેર કરાયું છે.